શ્રી આર્યરક્ષિત જૈન બાળ વાંચનમાળા ગુચ્છ ૨ જું, પુષ્પ ૧૦

જ્ઞાતિ–મુકુટમણિ—

# શેઠ કેશવજી નાયક

: લેખક :

“પાર્શ્વ”

કીંમત : ૦–૫૦ પૈસા

## પ્રકાશકીય નિવેદન

અંચલગચ્છ-વાંચનમાળાનાં દ્વિતીય ગુચ્છનું આ દસમું પુષ્પ વાંચકો સમક્ષ રજૂ કરતાં ઘણો જ આનંદ થાય છે. છેલ્લાં ચારેક વર્ષથી આવી વાંચનમાળાનો વિચાર મનમાં ઘુંટાયા કરતો હતો. પ્રકાશનની રૂપરેખા તો નક્કી જ હતી. પરંતુ ગચ્છની અન્ય એક સંસ્થા આવી શ્રેણીનું પ્રકાશન હાથ ધરે છે એવું જાણવા મળતાં અમે અમારો વિચાર મોકુફ રાખેલો. પરંતુ તેનું કશું નક્કર પરિણામ ન આવતાં અંતે અમે જ આ કાર્ય સ્વેચ્છાએ ઉપાડી લીધું.

બાળકો ઇતર વાંચન દ્વારા જ્ઞાન સાથે ગમ્મત માણી શકે, એમની કુતૂહલવૃત્તિ ખીલે, એમના સંસ્કારો ફૂલેફાલે અને તેઓ ધર્મ ભાવનાથી અધિક રંગાય એવો આ વાંચનમાળાનો હેતુ છે. અમારો આશય સફળ થયો છે કે કેમ તેનો નિર્ણય વાંચકો ઉપર જ છોડીએ છીએ.

હાલ પુરતું તો પટ્ટધરો અને શ્રેષ્ઠીવર્યોના જીવનવૃત્તોને આધારિત બાર બાર પુષ્પોના બે ગુચ્છોની જ યોજના છે, જેની નામાવલી છેલ્લા જેકેટમાં દર્શાવી છે. એ ચોવીસે પુસ્તિકાઓના દ્રવ્ય સહાયકો પણ નક્કી થઈ ગયા છે અને જો એવો જ ઉત્સાહ રહેશે તો તીર્થદર્શન, ગ્રન્થપરિચય આદિ વિવિધ વિષયોને આવરી લેતા અન્ય ગુચ્છો પણ કદાચ અસ્તિત્વમાં આવે

આ પુસ્તિકાના પ્રકાશન માટે અમારી સંસ્થાને—
શેઠશ્રી નાયક જેઠાભાઈ નરશી મુંબઈવાલા તરફથી
દ્રવ્યસહાય મળી છે તે માટે અમે તેમના ઘણાજ આભારી છીએ

પાલિતાણા — કરમશી ખેતશી ખોના

તા. ૨૫-૪-૧૯૭૪.

# જ્ઞાતિ-મુકુટમણિ
# શેઠ કેશવજી નાયક

"મુંજા ભા મું જેડા કો ન થીએ ?"—એવી પોરસ ચડાવે એવી ઉદાત્ત ભાવના સેવનાર કચ્છના ધન-કુબેર તરીકે પંકાયેલા શેઠ કેશવજી નાયકની જીવન-ગાથા સૌને હેરત પમાડે એવી રોમાંચક છે. સાધારણ સ્થિતિમાંથી આપબળે આગળ વધીને શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિના તેઓ 'મુકુટમણિ' બને અને જ્ઞાતિશિરોમણિ શેઠ નરશી નાથાની હરોળનું સર્વોચ્ચ સ્થાન મેળવે એ શું ઓછા આશ્ચર્યની વાત છે ?

વિ. સં. ૧૮૫૭ માં કચ્છના લાખણીઆ ગામમાં જન્મ. પિતા ગાંધી-મહોતા ગોત્રીય, દંડ શાખીય નાયક મણશી. માતા હીરબાઇ. વ્યવસાયે કૃષિકાર. લાખણીઆથી આ કુટુંબ કોઠારામાં આવીને વસ્યું. ચરિત્રનાયકની ઉંમર પાંચેક વર્ષની થઈ ત્યાં પિતાનું અવસાન થયું એટલે એમના લાલન-પાલનની જવાબદારી માતા પર આવી પડી, જે તેમણે મૂલ-મજૂરી કરીને બજાવી. બાળકનું મોસાળ પણ કોઠારામાં હતું એટલે બાળકને ઓછું ન લાગે એવો વ્યવહાર તેના પ્રત્યે બધેથી થતો. તે પહેલેથી જ ઘણો પ્રભાવશાળી હતો, ટેકીલો પણ એવો જ. ચપળતામાં એક્કો !

એ અરસામાં કચ્છથી મુંબઈમાં વસવાટના પ્રવાહનો પ્રારંભ થઇ ચુકયો હતો. કચ્છી ભાટિયાઓ અને વણિકોએ મુંબઇમાં સારી સફળતાઓ પ્રાપ્ત કરેલી, એટલે ત્યાં જવાનું

આકર્ષણ સૌને રહેતું ચરિત્રનાયકના મામા નેણશી સવાણીને પણ મુંબઇએ મોહિની જગાડી, એટલે એમની સાથે દશેક વર્ષના બાળક કેશવજીએ પણ ત્યાં પ્રયાણ કર્યું. પહેલાં ત્યાં સૌ શ્રમથી પસીનો પાડીને પેટિયું રળતા, અને ક્રમે ક્રમે વ્યાપાર–સૂઝથી સફળતાનાં પગથિયાં ચડતા જતા. ચરિત્ર-નાયકના જીવનમાં પણ એવું જ ઘટના–ચક્ર જોવા મળે છે.

નેણશી મામાના પુત્ર શિવજી તથા કેશવજીભાઇ બન્ને સહાધ્યાયિઓ હતા. મહત્ત્વાકાંક્ષી પણ ઘણા જ. આપબળે આગળ વધીને બેઉ શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિના શેઠ નરશી નાથા સમેત પાંચ શેઠિયાઓમાં સ્થાન પામી શકયા. એમની વચ્ચેનું આ સામ્ય નોંધનીય ગણાય. સાહસ, શૌર્ય અને ટેકીલાપણામાં કેશવજીભાઇ શિવજીભાઇથી જુદા તરી આવતા અભ્યાસમાં પણ તેઓ સરસાઇ ભોગવતા. મામાએ શિવજી નેણશીના નામે સ્વતંત્ર પેઢી શરૂ કરતાં રાત્રે કેશવજીભાઈ તેમાં નામું કરે, દિવસે અભ્યાસ.

એક દિવસે શિવજીભાઇએ સારી પછેડી નિશાળમાં પહેરી આવીને કેશવજીભાઇને રોફથી બતાવી. કેશવજીભાઇ કહે કે એમાં શું? આવતી કાલે એથી સારી પછેડી હું પહેરી આવીશ ! ઘેર આવીને તેણે મા પાસે પૈસાની માગણી કરી. પૈસા હોય તો મા આપેને! નિરાશ થઇને રાતે પેઢીમાં નામું લખવા ગયા તો શાહીનો ડાઘ ચોપડા ઉપર પડ્યો. એટલે મામાએ પણ ઠપકો આપ્યો. એટલે બળતામાં ઘી હોમાયું. શાહીનો આખો ખડિયો જ ચોપડા ઉપર ઢોળીને બાળક મામાનો દાદરો રોફથી ઉતરી ગયો!!

જાવું કયાં ? સારી પછેડી ખરીદ્યા સિવાય નિશાળમાં પણ જઇ શકાય એમ ન હતું. અંતે આપઘાત કરવાનો દૃઢ

નિશ્ચય કરીને તેણે દરિયાનો રસ્તો લીધો. કિનારે પહોંચ્યો તો દરિયામાં ઓટ હતી! ભરતીની વાટ જોતો તે રેતી ઉપર જ સૂઇ ગયો.

બીજે દિવસે વહેલી સવારે ભાટિયા કોમના નબીરા દેવજી શિવજી ઝવેરીએ તેને જગાડ્યો અને ખજૂરનું વહાણ ખરીદવા તેને કહ્યું ત્યારે બાળકના અચંબાનો પાર ન રહ્યો. તેણે પોતાની આપવીતી શેઠને કહી સંભળાવી. તો શેઠ કહે "પૈસાની ફિકર કરતો નહિ. હું બેઠો છું."

બનેલું એમ કે દેવજી શેઠને વ્યાપારમાં નફો ન થતો હોવાથી તેમણે પ્રસિદ્ધ જ્યોતિષી પાસેથી જોશ જોવડાવેલું. તે અનુસાર જાણવા મળેલું કે તેમને પોતાને નામે વેપાર કરવાથી નફો થશે નહિ, કિન્તુ અમુક દિવસે, અમુક સમયે દરિયા કિનારે એક છોકરો મળશે. તેના નામે વેપાર કરવાથી ઘણો લાભ થશે આમ તેમને ચરિત્રનાયક સાથે ભેટો થઈ ગયો. અને એમના ભાગ્યનો દરવાજો એકાએક ઉઘડી ગયો.

વિલાયત જતું વહાણ સફર રદ થતાં મુંબઈના બારામાં લાંગરેલું. તેમાં ભરેલા ખજૂરનું લિલામથી વેંચાણ થવાનું હતું. દેવજી શેઠના સૂચનથી કેશવજીભાઇએ માલ ખરીદી લીધો. તેના વેચાણથી એમને આઠેક હજાર રૂપીઆનો નફો થયો, જે બેઉએ વહેંચી લીધો. આ રીતે ચરિત્રનાયકના ભાગ્ય–રવિનો ઉદય થયો અને તેઓ કેશામાંથી કેશવજી શેઠ થયા.

એ પછી તેઓ જેતશી જીવરાજ તેરાવાળા તથા ગૂર્જર દેવજી શેઠના ભાગીદાર થયા અને સારી પૂંજી જમાવી. વિ. સં. ૧૯૦૦ માં તેઓ તથા ઘેલાભાઈ પદમશી, શેઠ શિવજી નેણશીની પેઢીમાં ભાગીદાર તરીકે જોડાયા. પેઢીનું સુકાન કેશવજી શેઠે પોતાના હાથમાં લીધું અને તેની આંટ–પ્રતિષ્ઠા

ખૂબ જમાવી. આ રીતે ભાગ્યે યારી આપતાં તેઓ સફળતાનાં પગથિયાં ઝડપભેર ચડતા ગયા.

વિ. સં. ૧૮૯૫ માં કેશવજી શેઠ સુથરીના વેરશી પાસુનાં બહેન પાબુબાઈ સાથે પરણ્યા. માંકબાઇ એમનાં દ્વિતીય પત્ની હતાં. એ પછી તેઓ વીરબાઈ સાથે લગ્ન-ગ્રન્થિથી જોડાયા. પાબુબાઈથી વિ. સં. ૧૯૦૦ માં પુત્રી તેજબાઇ અને વિ. સં. ૧૯૦૩ માં નરશીભાઇનો જન્મ થયો. માંકબાઇએ ત્રીકમજીને જન્મ આપ્યો, જે અલ્પજીવી થયો. વીરબાઇ સાથે શેઠને ઝાઝો મનમેળ રહ્યો નહિ.

કેશવજી શેઠની દીર્ઘદષ્ટિથી વિ. સં. ૧૯૦૯ માં ચીનના હોંગકોંગ બંદરમાં તથા આફ્રિકામાં પેઢીઓની સ્થાપના થઇ. ચીન સાથે અફીણનો વેપાર ધમધોકાર ચાલતો. ત્યાંના પ્રતિનિધિ હતા ખોજા પીરભાઇ ખાલેકદીના. શેઠના ઘણા જ વિશ્વાસપાત્ર માણસ. આ પેઢીની ચડતીથી કેટલાક વિઘ્નસંતોષી ખોજાઓની આંખમાં ઝેર રેડાયું. તેમણે પેઢીને જફા પહોંચાડવા પોતાની બહુમતિના જોરે ષડ્યંત્ર રચ્યું, જેના પ્રત્યાઘાત રૂપે મુંબઇમાં ખોજાઓ અને વાણિયાઓ વચ્ચે વિ. સં. ૧૯૧૦ માં હુલ્લડ ફાટી નીકળ્યું. ત્રણ દિવસ સુધી ખોજા ગલીમાં હાહાકાર મચી ગયો. એ વખતે લુહાણો ખટો મડાઈ માંડવીલત્તાનો દાદા કહેવાતો. પોતાના પાંચસો સાગરીતો સાથે તેણે ખોજાગલીમાં ત્રાસનું સામ્રાજ્ય વર્તાવ્યું. કહેવાય છે કે કેશવજી શેઠની પ્રેરણાથી આ થયું. અંતે ખોજા આગેવાન ધરમશી પૂંજાએ બેઉ જ્ઞાતિનું માન જળવાય એ રીતે કેશવજી શેઠ સાથે સમાધાન કર્યું અને મામલો થાળે પડ્યો

એ અરસામાં વિલિયમ નીકલની કંપની રૂના વ્યાપારની આગેવાન પેઢી ગણાતી. તેના ભાગીદાર જહોન ફ્લેમીંગ

સાથે શેઠને અંગત મૈત્રી, એટલે તેની મુકાદમીનું કામ શિવજી નેણશીની પેઢીને મળી શકેલું. એ અગાઉના મુકાદમ ભાટીઆ ઉકેડા કાઠ શેઠને પુત્રવત્ ચાહતા એટલે આ ફેરફારનો તેમણે વિરોધ કરેલો નહિ. આ મુકાદમીથી શિવજી નેણશીની પેઢી કચ્છી પેઢીઓમાં શિરમોર ગણાઇ. એની સમૃદ્ધિ અનેકગણી વધી. દુર્ભાગ્યે શેઠને અન્ય ભાગીદાર ઘેલાભાઈ પદમશી સાથે મતભેદ પડતાં તેઓએ છૂટા થઇને વિ. સં. ૧૯૧૭ માં નરશી કેશવજીના નામથી સ્વતંત્ર પેઢી સ્થાપી. બન્યું એમ કે શિવજી નેણશીની પેઢી સાથેનો બધો જ વેપાર આ પેઢીના હાથમાં આવી ગયો, નીકલ કંપનીની મુકાદમી પણ. પરિણામે શિવજી નેણશીની પેઢીનાં વળતાં પાણી થયાં, અને નરશી કેશવજીની પેઢીમાં સમૃદ્ધિની ભરતી આવી! આ પેઢીની ઉન્નતિ સાથે જ્ઞાતિએ આબાદીનો સુવર્ણકાળ માણ્યો. કચ્છીપ્રજાને ગૌરવ પ્રાપ્ત થયું. કેશવજી શેઠની ગણના કરોડપતિ તરીકે થઈ.

ઈ. સ. ૧૮૬૨ માં અમેરીકામાં લડાઇ ફાટી નીકળતાં રૂના ભાવો આસમાને ગયેલા. કમાઈ લેવાના પ્રલોભનથી લોકોએ ગાદલાં–ગોદડાંનું રૂ પણ વેચી દીધેલું! એ વર્ષે નાણાંનો મૂશળધાર વરસાદ વરસ્યો મુંબઇનો ઝગમગાટ પરાકાષ્ટાએ પહોંચેલો. નાણાંની રેલમછેલ થતાં બેન્કો, ફાઇનેન્સીઅલ કોરપોરેશનો વગેરેનો પણ રાફડો ફાટ્યો. કેશવજી શેઠે આ ક્ષેત્રે આગવું પ્રદાન કર્યું. તેમણે સ્થાપેલી સંસ્થાઓ આ પ્રમાણે છે: (૧) બેન્ક ઓફ ઈન્ડીઆ લિ૦ (૨) બોમ્બે ટ્રેડીંગ એન્ડ બેન્કીંગ એસોસીએશન લિ૦ (૩) ઇસ્ટ ઈન્ડીઆ બેંક લિ૦ (૪) ઇસ્ટર્ન ફાઇનેન્સીઅલ એસોસીએશન (૫) એલ્ફીન્સ્ટન લેન્ડ એન્ડ પ્રેસ કું. વગેરે. આ નાણાંકીય સંસ્થાઓએ વ્યાપાર–ઉદ્યોગને ઘણું પ્રોત્સાહન આપ્યું, તેમ જ દેશમાં પાયાના ઉદ્યોગો સ્થાપવા માટે અનુકૂળ વાતાવરણ તૈયાર કર્યું.

એ અરસામાં કાપડ મિલોની સ્થાપનાના શ્રી ગણેશ થયા. આ ઉદ્યોગે આજે પ્રગતિની હરણફાળથી દેશનાં પ્રમુખ ઉદ્યોગોમાં પોતાનું આગવું સ્થાન પ્રાપ્ત કરી લીધું છે. જેના સ્વપ્નદૃષ્ટાઓમાં કેશવજી શેઠ પણ એક હતા. સૌ પ્રથમ મંગળદાસ નથુએ બોમ્બે યુનાઇટેડ મિલ્સ સ્થાપી. બીજી, રોયલ મિલ્સ દીનશા માણેકજી પીટીટે અને બમનજી હોરમસજીએ કેશવજી શેઠના ભાગમાં ઊભી કરી. એ પછી ત્રીજી, નરશી સ્પીનીંગ એન્ડ વીવીંગ મિલ્સ લિ૦ કેશવજી શેઠના પુત્ર નરશી શેઠે રૂપીઆ પાંચ લાખથી શરૂ કરી, જે આજે ન્યુ કૈશરે હિન્દ મિલ્સના નામે ચાલે છે. જોકે મિલના કર્મચારીઓ તો આજે પણ તેને નરશી મિલ્સ તરીકે જ ઓળખાવે છે! એ પછી પ્રીન્સ ઓફ વેલ્સ, એલેકઝાન્ડ્રા, કોલાબા, ફલેમીંગ વગેરે મિલો સ્થપાઈ. આ બધી મિલોની વિકાસ કૂચમાં પણ કેશવજી શેઠ તથા નરશી શેઠનો ગણનાપાત્ર હિસ્સો હતો. આ રીતે ભારતના એક આગેવાન ઉદ્યોગની સ્થાપનામાં એમનો પુરુષાર્થ મુખ્ય હોઇને તેની તવારીખમાં એમનું નામ સુવર્ણાક્ષરે લખાયેલું રહેશે.

કેશવજી શેઠ મુંબઇના મોટા જમીનદાર પણ ગણાતા. મુંબઈની વિશાળ જમીનના તેઓ માલિક હતા. ઉમરખાડીની પછવાડેનો ભાગ એમની માલિકીનો હતો. એમના પુત્ર નરશી શેઠના નામ પરથી એ વિસ્તાર હાલમાં પણ “ નરસંગપુરા ”ના નામથી ઓળખાય છે. એમની જ્ઞાતિના અન્ય શેઠ જીવરાજ રતનશીના બંધુ ભીમશી રતનશીના નામ પરથી ડોંગરી સ્ટ્રીટ–હાલમાં શયદા માર્ગનો વિસ્તાર ભીમપુરાના નામે આજે પણ ઓળખાય છે. આ પરથી જાણી શકાશે કે કચ્છી દશા ઓશવાળ જ્ઞાતિનાં મૂળ મુંબઇમાં કેટલાં ઊંડા હતાં. તેમણે મુંબઇને પારકો પ્રદેશ કદિ પણ ગણ્યો નથી.

કેશવજી શેઠ નીકલ કંપનીના ભાગીદાર હતા તે વખતે કલેર, કર્નાક, મસ્જિદ, એલફિન્સ્ટન વગેરે બંદરો તથા વિશાળ જાગીરો એમના હસ્તક હતાં. સરકારે ખાનગી બંદરોનો વહીવટ પોતાના હસ્તક લઈ લેવાનો ઠરાવ કરતાં મુંબઈના ગવર્નર સર સાઈમુર ફીટ્‌ઝજીરાલ્ડે એ સંબંધમાં પત્ર લખીને કેશવજી શેઠની મુલાકાત માગેલી. શેઠે દાણા બંદરમાં કલાઈવ રોડ પર આવેલા પોતાના બંગલાથી ઠેઠ મસ્જિદ બંદરના પૂલ સુધી વિશાળ મંડપ બંધાવીને ગવર્નરનું શાનદાર સ્વાગત કરેલું. ગવર્નર તો એમનો વૈભવ જોઇને ચકિત થઇ ગયેલો.

વાટાઘાટો સફળતામાં પરિણમતાં ગવર્નર ઘણો પ્રસન્ન થયેલો. સરકાર પ્રત્યે મૈત્રીપૂર્ણ વર્તાવ દર્શાવવા માટે શેઠને સરકાર તરફથી જરિયન તૂરો એનાયત થયેલો. કચ્છી નાગરિકોમાં જે. સી. નું પદ મેળવનારાઓમાં તેઓ પહેલા જ હતા. શેઠ પાસે ચાર ઘોડાની ગાડી હતી તેણે તો મુંબઈમાં કુતૂહલ સર્જેલું. આવી બીજી ગાડી માત્ર સર કાવસજી જહાંગીર પાસે જ હતી. એ વખતે મોટી મોટી વ્યક્તિઓનું સ્વાગત કરવા માટે આ ગાડીનો ઉપયોગ થતો હોઇને તે વખતની મુંબઇની તવારીખોમાં કેશવજી શેઠની ચાર ઘોડાની ગાડી, તેનો અંગ્રેજ કોચમેન, વિશાળકાય શેઠને નિહાળવા એકત્રિત થતો જનસમુદાય વગેરે વિશે રસપ્રદ વર્ણનો મળે છે. એવી લોકવાયકા પણ પ્રચલિત હતી કે શેઠની ગાડી ઉંમરખાડી જેલ પાસેથી પસાર થાય ત્યારે જો કોઇને ફાંસીની સજા અપાતી હોય તો તે રદ કરવી એવો મુંબઈ સરકારે હૂકમ કર્યો હતો. જૂના મુંબઈના સંભારણામાં આવી અનેક વાતો સંગૃહીત છે !

એ વખતે મુંબઇ સુધરાઇનો વહીવટ સરકાર તરફથી

નિમાયેલી જસ્ટીસીઝ સમિતિ દ્વારા થતો. આ સમિતિમાં કેશવજી શેઠ તથા તેમના પુત્ર નરસી શેઠ ચાલુ નિમાયેલા સભ્યો હતા. એમની જ્ઞાતિના અન્ય સભ્ય હતા શેઠ વેલજી માલુ. મુંબઈના સર્વાંગી વિકાસમાં શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિનો ફાળો કેટલો મહત્ત્વપૂર્ણ હશે તેનો ખ્યાલ ઉક્ત નિમણૂંક દ્વારા મળી શકશે. મુંબઈની આગેવાન જ્ઞાતિઓમાં એ જ્ઞાતિ હતી એવા કીંમતી ઉલ્લેખો તત્કાલીન ગ્રન્થરત્નો-માંથી પ્રચુર પ્રમાણમાં મળી આવે છે, જેની પીઠિકામાં કેશ-વજી શેઠનાં એનેકવિધિ કાર્યો હતાં તેની કોણ ના પાડી શકે ? મુંબઈ સુધરાઇએ શેઠની ઉમદા સેવાઓના ઉપલક્ષમાં કુવારાથી ઠેઠ ટ્રામવે સુધીના અગત્યના વિશાળ માર્ગનું 'શેઠ કેશવજી નાયક રોડ' એવું નામાભિકરણ કરીને એમની સ્મૃતિ જીવંત રાખી છે.

શેઠનાં ધર્મસ્મારકો, જેમાં કોઠારાનું ભવ્ય જિનાલય, શ્રી શત્રુંજયગિરિ ઉપરની બે ટૂંકો, પાલિતાણાનું જિનાલય તથા ધર્મશાળા વગેરે મુખ્ય છે, તેઓ તેમની વ્યાપક ધર્મપ્રવૃત્તિનાં અનેક સંભારણાં રજૂ કરે છે. એમણે કરાવેલી અંજન-શલાકા તો એમની કારકિર્દીમાં યશ–કલગી ઉમેરે એવી ગરિષ્ટ છે. જૈન સંઘ કેશવજી શેઠનાં સુકૃત્યો માટે મગરૂબી લે છે. અહીં તો એની આછી રૂપરેખા જ પ્રસ્તુત છે.

વિ. સં. ૧૯૧૪ માં કેશવજી શેઠે શેઠ શિવજી નેણશી તથા શેઠ વેલજી માલુ સાથે તેમના વતન કોઠારામાં ભવ્ય જિનપ્રાસાદ નિર્માણ કરવાની યોજના ઘડી અને તેનું કામ તડામાર શરૂ કરાવ્યું. કચ્છ–સાભરાઈનો સલાટ નથુ એ બેન-મૂન કલા–સ્થાપત્યનો સૂત્રધાર હતો. તેના માર્ગદર્શન હેઠળ સેંકડો કુશળ કારીગરોએ સતત ચારેક વર્ષની જહેમત બાદ

શિલ્પકળાથી સમૃદ્ધ મેરુપ્રભ જિનાલયનું સર્જન કર્યું. કચ્છી સ્થાપત્યવિદોનું એ મહત્ત્વાકાંક્ષી સર્જન ગણાયું. કલાવિશારદોએ તેને અમદાવાદના સુપ્રસિદ્ધ જિનાલયની હરોળનું ગણ્યું. કોઠારાની મૂર્તિમંત કીર્તિકથા સમું આ જિનાલય યાત્રિકો માટે અબડાસાની પંચતીર્થીનું અગત્યનું સ્થાન બન્યું.

વિ. સં. ૧૯૧૮ માં તેની પ્રતિષ્ઠા પ્રસંગે ત્રણે શ્રેષ્ઠીવર્યો મુંબઈથી શ્રી શત્રુંજયનો વિશાળ તીર્થ–સંઘ કાઢીને કોઠારા પધારેલા. માઘ શુદિ ૧૩ ને બુધવારે અંચલગચ્છાધિપતિ રત્નસાગરસૂરિના ઉપદેશથી યાદગાર પ્રતિષ્ઠા સંપન્ન થઈ. કેશવજી શેઠે મૂલનાયક શ્રી શાંતિનાથપ્રભુના બિંબને બિરાજિત કરાવ્યું. આ પ્રસંગે આઠ દિવસનો મહોત્સવ થયો, તથા પ્રસંગોચિત જ્ઞાતિમેળો પણ યોજાયેલો.

ઉપર્યુક્ત સંઘ વખતે કેશવજી શેઠ પાલિતાણામાં પધારેલા ત્યારે જ તેમણે નિર્ધારેલાં જિનાલયો, ધર્મશાળા આદિનું ખાતમુહૂર્ત સ્વહસ્તે કરીને તેનું કામ પણ ત્વરાએ શરૂ કરાવી દીધેલું. ચારેક વર્ષોમાં તો મોટા ભાગનું કાર્ય પણ પૂર્ણ થઈ ગયું. એટલે તેની પ્રતિષ્ઠા–પ્રસંગે કેશવજી શેઠે વિશાળ સંઘ સહિત મુંબઈથી પ્રયાણ કર્યું. સંઘપતિ શેઠ ખીમચંદ મોતીચંદે કેશવજી શેઠને તિલક કરીને એમનું બહુમાન કર્યું.

ભાવનગરમાં સંઘ દરિયા–માર્ગે પધાર્યો ત્યારે મહારાજા જશવંતસિંહે તેનું સામૈયું કર્યું. પાલિતાણામાં મહારાજા સૂરસિંહે સંઘનો દબદબાપૂર્વક સત્કાર કર્યો. સૂરસિંહ જૈનસંઘ સાથે ઉગ્ર ઘર્ષણમાં ઉતરેલો, છતાં કેશવજી શેઠ સાથેની અંગત મૈત્રીને લીધે આ પ્રસંગે તેણે રાજ્ય તરફથી બનતો બધો સહકાર આપેલો.

કવિ રત્નપરીક્ષકે આ ઐતિહાસિક પ્રસંગને અંજન-

શલાકા રાસમાં આબેહૂબ મઢી લીધો છે. તેઓ વર્ણવે છે કે સંઘમાં એકાદ લાખ યાત્રિકો સામેલ હતા. હાથી, ઘોડા, પાલખી વગેરે અસંખ્ય હતા. અંચલગચ્છાધિપતિ સમેત સાતસો સાધુ–સાધ્વીઓનો સમુદાય એ પ્રસંગે ઉપસ્થિત રહેલો. કચ્છી દશા ઓશવાળ જ્ઞાતિ માટે કે કચ્છી પ્રજા માટે જ નહિ, કિન્તુ સમગ્ર જૈનસમાજ માટે આ સંઘ તથા અંજન-શલાકા–પ્રસંગ શકવર્તિ ઘટના ગણાય છે.

વિ. સં. ૧૯૨૧ માં માઘ શુદિ ૭ ને ગુરુવારે રત્ન-સાગરસૂરિજીએ સાત હજાર જિનબિંબોની પ્રાણ–પ્રતિષ્ઠા કરી. બાર દિવસ સુધી આ પ્રતિષ્ઠા–મહોત્સવ અપૂર્વરીતે ઉજવાયો. પાલિતાણામાં આટલો વિશાળ માનવ–મહેરામણ આ પહેલાં કે પછી પણ ક્યારેય નહિ ઉભરાણો હોય!

માઘ શુદિ ૧૩ ને બુધવારે ગિરિરાજ ઉપર નરશી કેશવજીની ટૂંકમાં મૂલનાયક શ્રી અભિનંદન સ્વામી તથા પાલિતાણાની ધર્મશાળાના જિનાલયમાં ચૌમુખ જિનબિંબ સહિત અનેક જિનબિંબોને બિરાજિત કરવામાં આવ્યાં. કેશવજી નાયકની ટૂંકનું કામ પૂર્ણ થયું ન હોવાથી તેની પ્રતિષ્ઠા પાછળથી વિ. સં. ૧૯૨૮ માં થયેલી.

પાલિતાણાની ઉક્ત પ્રતિષ્ઠામાં કેશવજી શેઠે પંદર લાખ રૂપીઆ ખર્ચ્યા. આ પ્રસંગની યાદીમાં શેઠે આણંદજી કલ્યા-ણજીની પેઢીમાં એક લાખ રૂપીઆ સાધારણ ખાતામાં ભરીને સૌને દંગ કરી દીધેલા! આવા દરિયાવદિલના મહાપુરુષને લોકો ભૂલી શકે ખરા?

ત્યાંથી શેઠ ગિરનારજીની યાત્રાએ સંઘસહિત પધાર્યા. ત્યાંનાં જિનાલયો ખુલ્લાં હોઇને એમણે કોટ બંધાવી આપ્યો. વિ. સં. ૧૯૩૨ દરમિયાનમાં ત્યાં થયેલાં જીર્ણોદ્ધારનાં

કાર્યોમાં એમણે રૂા. ૪૫૦૦૦) ખર્ચ્યા, જેમાં સૂરજકુંડનો ઉદ્ધાર મુખ્ય છે. શેઠે ત્યાં એક બંગલો પણ બંધાવેલો. ત્યાંથી અમદાવાદ થઈ સંઘ મુંબઈ પધારેલો.

અમદાવાદના રોકાણ દરમિયાન આણંદજી કલ્યાણજીની પેઢીમાં મુંબઈના સંઘ તરફથી એમની જ્ઞાતિને પ્રતિનિધિત્વ મળ્યું, જે કેશવજી શેઠના પૌત્ર જેઠાભાઈએ ઠેઠ સુધી ભોગવ્યું. એ પછી નલીયાના રાયમલ હીરજી નાગડા ટ્રસ્ટી નિયુક્ત થયેલા.

વિ. સં. ૧૯૩૧ માં શેઠે શ્રી સમ્મેતશિખર તીર્થમાં શ્રી કુંથુનાથ તથા શ્રી ધર્મનાથ પ્રભુની કુલિકાઓનો જીર્ણોદ્ધાર કરાવ્યો. તેમણે કેશરિયાજીનો તીર્થસંઘ પણ કાઢેલો. વાલકેશ્વરમાં પોતાના બંગલામાં જિનાલય બંધાવેલું જે હજી મોજુદ છે. ભાવનગરમાં શ્રી ગોડીજી જિનાલયમાં ગણધર મંદિર બંધાવ્યું. મોટી ખાવડીમાં વિશાળ જમીન મેળવીને વિ. સં. ૧૯૩૨ માં ગૃહચૈત્ય તથા ઉપાશ્રય બંધાવ્યાં. આકોલામાં જિનાલય માટે જમીન ખરીદી આપી. મહારાવની સહાયતાથી જશાપુર ગામ ખરીદીને ત્યાં જ્ઞાતિબંધુઓ માટે રહેઠાણો તથા વિ. સં. ૧૯૩૨ માં શ્રી આદિનાથ જિનાલય બંધાવ્યાં. સુથરીમાં મહાજનવાડી બંધાવેલ. એમની આર્થિક સહાયથી પાલિતાણામાં ગૌશાળા તથા ગિરિરાજ ઉપર વલ્લભકુંડ સ્થપાયાં. એમનાં પત્ની વીરબાઈએ ત્યાં વીરબાઈ જૈન પાઠશાળા, જિનાલય તથા ગ્રન્થભંડાર આદિની સ્થાપના કરી.

શેઠના પુત્ર નરશીભાઈ ભારે પ્રતાપી પુરુષ હતા. તેમનાં પત્નીનું નામ રતનબાઈ. તેમને આ પ્રમાણે પુત્રો હતાઃ (૧) શામજી (૨) જેઠાભાઈ (૩) મુલજી (૪) જીવરાજ અને (૫) બાબાભાઈ. [redacted] શેઠની પુત્રી જમનાબાઈ શેઠ ભાણજી જેઠાને પરણી જેમના તરફથી ભાણજી જેઠાના પુણ્યાર્થે ભાંડુ-

પની સેનેટરીની જમીન શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિને અર્પણ થયેલ.

નરશી શેઠની સામાજિક કારકિર્દી અજોડ હતી. તેમને જમાના અનુસાર સારી કેળવણી પ્રાપ્ત થયેલી, તેમ જ તેઓ મુંબઈના ઉચ્ચ ઘરાનાઓના સંપર્કમાં હોઇને પોતાની જ્ઞાતિ ગતિશીલ પરંપરા અપનાવે એ જોવા તેઓ ઘણું મથ્યા અને પ્રતિક્રિયાવાદી બળો સામે જીવનભર ઝઝૂમ્યા. બાળલગ્ન અને કન્યાવિક્રય સામે તેમણે પ્રચંડ ઝૂંબેશ ઉપાડેલી, જેમાં તેઓ સફળ થયા. જ્ઞાતિમાં કેળવણી અને સુધારાની હવા ફેલાવવા માટે તેમણે આદરેલો પુરુષાર્થ જ્ઞાતિની તવારીખમાં સુવર્ણાક્ષરે નોંધાશે. એમના સમયમાં રાજગોર બ્રાહ્મણનો વિખ્યાત કેસ ચાલતો હતો. જ્ઞાતિબંધુઓની લાગણી એવી હતી કે રાજગોર બ્રાહ્મણ મહાજનવાડીમાં ન જમે. પરંતુ કેટલાક શેઠિયાઓ રાજગોર બ્રાહ્મણોના પક્ષકારો હતા, એટલે કોઇનું કાંઈ ચાલે એવું ન હતું. નરશી શેઠે શેઠિયાઓને પડકાર ફેંક્યો. અને રાજગોર બ્રાહ્મણોનો અઘટિત ભાર તેમણે જ્ઞાતિ ઉપરથી કઢાવી નાખ્યો. આ કેસમાં કચ્છી દશા ઓશવાળ જ્ઞાતિ બે ભાગમાં વહેંચાઈ ગઈ હતી. એક શેઠપક્ષ, બીજો મહાજનપક્ષ. શેઠપક્ષના અગ્રેસર હતા શેઠ હરભમ નરશી નાથા. મહાજન-પક્ષના કર્ણધાર બન્યા શેઠ નરશી કેશવજી નાયક. મહાજનપક્ષે ફેંકેલા બધા પડકારોમાં શેઠપક્ષ આરોપીના પાંજરામાં મૂકાઇ ગયો! એનું મુખ્ય કારણ હતું નરશી શેઠનો અદમ્ય જુસ્સો તદુપરાંત તેઓ અસરકારક વક્તા પણ હતા. જ્ઞાતિને યોગ્ય સમજણ આપવાની તથા તેને અમુક વિચાર પર લાવવાની તેમનામાં અદ્‌ભૂત શક્તિ હતી. બે-ચાર શેઠિયાઓનો નિર્ણય એટલે સમગ્ર જ્ઞાતિનો નિર્ણય નહીં એવો બુલંદ નારો તેમણે ઉઠાવેલો. જ્ઞાતિ-મહાજનની કાર્યવાહીમાં લોકશાહી

રસમોનો સૂત્રપાત કરનાર તથા જ્ઞાતિના પહેલા બંધારણીય પ્રમુખ તરીકે નરશી શેઠ જ્ઞાતિની તવારીખમાં ગૌરવભર્યું સ્થાન પામ્યા છે. શેઠિયાઓની સામે હરફ ઉચ્ચારનાર જ્ઞાતિ બહાર મૂકાતો અથવા તો "કમિટિ નીમો" એવું બોલનાર દંડાતો એવા યુગના તખ્તા પર નરશી શેઠના વિરલ પુરુષાર્થથી કાયમ માટે પડદો પડી ગયો! તા. ૧૨–૬–૧૯૦૦ ના દિને એમનું પૂના ખાતે નિધન થયું.

એમના પુત્ર શેઠ જેઠાભાઇએ જ્ઞાતિના અનુગામી પ્રમુખ તરીકે નરશી શેઠની ઉચ્ચ પરંપરા જારી રાખી અને એમનાં અધૂરાં કાર્યો પૂર્ણ કર્યાં. જેઠાભાઈ શેઠના પુત્ર નાયક શેઠ પણ હાલમાં જ્ઞાતિકાર્યોમાં આગેવાનીભર્યો ભાગ લઈ રહ્યા છે. આ રીતે કેશવજી શેઠની ઝિંદાદિલી એમના વંશ–વારસોમાં ઉતરેલી જણાય છે.

કેટલાક ગ્રન્થોનું તારણ પણ અહીં પ્રસંગોચિત લેખાશે:

"શેઠ કેશવજી નાયકના શરીરનો બાંધો કદાવર અને ચહેરો બહુ મોટો અને ભરાવદાર હતો. માથા ઉપર તેઓ ચાંચવાળી પાઘડી ઘાલતા અને હમેશાં ચાર ઘોડાની ગાડીમાં બેસતા. ગાડીનો સાઇસ ટોપાવાળો હતો. એક વખત તેઓશ્રી વાલજી વર્દ્ધમાન નામના સંબંધીને ત્યાં ગયા હતા. તે વખતે બેસવા સારુ તેઓશ્રી માટે સારામાં સારી મજબૂત ખુરશી હોલમાં ગોઠવેલી હતી તેઓશ્રી ૩૦૦ ઉપરના રતલના બેઠા કે ખુરશીના કુરચા થઈ ગયા.' ('હિલોળા')

નરશી કેશવજીની પેઢી વિ. સં. ૧૯૩૩ માં રૂ અને અફીણના મોટા સટ્ટામાં નાદાર સ્થિતિમાં મૂકાઈ ગયેલી. મિલોનાં નાણાંનો ધંધામાં ઉપયોગ કરતાં તેના શેરહોલ્ડરોએ દાવો માંડેલો. એટલે કેશવજી શેઠને કોર્ટમાં જુબાની આપવા

Phone : (079) 23276252, 23276204-05

જવાનું થયેલું. તેમના શરીરનો બાંધો એટલો જબ્બર કે તેઓ કોર્ટના ઉપલા મજલે ચડી શકયા નહિ. અંતે ભોંયતળિયે એમના માટે ખાસ કોર્ટ બેસાડવી પડેલી !

"તે વખતે માંડવી લત્તામાં રૂના વેપારીઓ પાસે લક્ષ્મીની રેલમછેલ હતી અને બે ઘોડાની ગાડીઓ પણ એ લત્તામાં સારા પ્રમાણમાં નજરે પડતી. આવા શ્રીમંતોમાં શ્રી કેશવજી નાયક અગ્રપદે લેખાતા અને કરોડાધિપતિ ગણાતા. શેઠશ્રી કેશવજી નાયક પોતાના નેપિયન્સી રોડ ઉપર આવેલા બંગલામાંથી ચાર ઘોડાની ગાડીમાં માંડવી પર પોતાની દુકાને આવજા કરતા. ગાડીનો કોચમેન સાઈસ અંગ્રેજ ટોપાવાળો હતો. શેઠશ્રીના શરીરનો બાંધો ઘણો મોટો હતો. લોકો તેમને જોવા રસ્તે ઊભા રહેતા. તેમણે નરશી નાથા સ્ટ્રીટ તથા ચિંચબંદર રોડ (હવે કેશવજી નાયક રોડ) ના ત્રિભેટા પર રૂા. ૨૩૦૦૦) જેટલી સારી રકમ ખરચીને પાણીનો કુવારો તથા હવાડો બંધાવ્યાં અને મ્યુનિસિપાલિટીને સુપ્રત કર્યાં."

"કુવારાનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું તે દિવસે (તા. ૮-૧-૧૮૭૬) કચ્છ, કાઠિયાવાડના રાજા મહારાજાઓ, મુંબઈના ગવર્નર (વુડ હાઉસ), યુરોપિયન વેપારીઓ તથા મુંબઈના તમામ આગેવાન વેપારીઓ અને સજ્જનોની ખૂબ ગીરદી જામી હતી. પરોણાઓને બેસવા કુવારાથી લઈ મસ્જીદના પૂલ સુધી શમિયાણો બાંધવામાં આવ્યો હતો, અને તેને ખુબ શણગારવામાં આવ્યો હતો." ('જૂનું મુંબઈ')

ચીન ખાતેની પેઢીના પ્રતિનિધિ બેસતા વર્ષે આશિર્વાદ લેવા આવેલા ત્યારે કેશવજી શેઠે તેમને 'અચો! પીરભાઈ શેઠ અચો !!' એમ ઉદ્‌ગારીને સત્કારેલા. પીરભાઇને 'શેઠ' સંબોધનથી મશ્કરી જેવું લાગેલું, પણ શેઠે દિલ ખોલીને

ખરી વાત જણાવી ત્યારે તેમની આંખોમાંથી હર્ષાશ્રુઓ ટપકી પડ્યાં! શેઠે તેમની વફાદારીના બદલામાં અંગત રીતે તેમનો ભાગ નક્કી કરી રાખેલો, જે અનુસાર ત્રણેક લાખ રૂપીઆ જેટલી રકમ તેમના નામે જમા હતી! પીરભાઈએ મૃત્યુ પર્યંત કેશવજી શેઠ પ્રત્યે નિષ્ઠાપૂર્વક વફાદારી બજાવી અને પોતાના પુત્ર જેરાજભાઈ પાસેથી પણ એવી વફાદારી બજાવવાનું વચન લીધેલું!

કોઠારાના જિનાલયની પ્રતિષ્ઠા પ્રસંગે કેશવજી શેઠનું હૃદયસ્પર્શી સામૈયું થયેલું. વિશાળ જનસમુદાય સહિત તેઓ ગામ ભણી વાજતે ગાજતે પધારતા હતા. એ વખતે એમનો એક લંગોટીઓ મિત્ર વાડામાં છાણાં થાપતાં એમને જોઈ ગયો અને હર્ષાવેશથી ઉદ્ગાર્યો: 'ઓય ભેંસા કેશા!" શેઠે પણ એને નજીક આવતો જોઈને આત્મીય ભાવે ઉદ્ગાર કાઢ્યો અને બેઉ લંગોટીઆ મિત્રો ભાવથી એકબીજાને ભેટી પડ્યા! એક હતો કચ્છનો ધનકુબેર, બીજો હતો કચ્છનો રંક! પોતાના રેશમી રૂઆબદાર વસ્ત્રો પર પડેલા છાણના ડાઘે શેઠને પોતાનું બાળપણ યાદ દેવડાવ્યું અને એમની આંખો દ્રવી ઉઠી!

કેશવજી શેઠ અંજનશલાકા પ્રસંગે મોટા સંઘ સાથે પાલિતાણામાં પધારેલા એ વખતનો એક પ્રસંગ આ પ્રમાણે સંભળાય છે: આ ઐતિહાસિક પ્રસંગે અંચલગચ્છાધિપતિનું શાનદાર સ્વાગત થશે એવા વિચારે તેજોદ્વેષથી કેટલાક વિઘ્ન સંતોષીઓએ એક ષડ્યંત્ર ગોઠવ્યું. અંચલગચ્છાધિપતિ રત્નસાગરસૂરિજી પધારે ત્યારે તેમના ઉપર ધરાતો મેઘાડંબર છત્ર પાલિતાણા-નરેશે એવું કહીને ઉતરાવવો કે "ભારતના સમસ્ત જૈનોનું મહાન શાશ્વત તીર્થ મારા રાજ્યમાં છે એટલે

જૈનોની દૃષ્ટિએ અને સંબંધથી ભારતના તમામ રાજાઓથી હું મોટો છું. મેઘાડંબર છત્ર ફક્ત રાજવંશી મહાપુરુષોને ધરાય અને સિદ્ધક્ષેત્રમાં તેવો અધિકાર એકલા મનેજ છે." આ ષડ્યંત્રની સામે કેશવજી શેઠે વાણીટંકાર કાર્યો કે "હું જોઉં છું કે મારા શિરછત્રના શિર પરથી મેઘાડંબર છત્ર કોણ ઉતારે છે!" એમની નિડરતા અને હિમ્મત જોઈને આખું કાવતરું નિષ્ફળ નિવડેલું. આવા ભડવીર પુરુષ માટે કોને અભિમાન ન હોય?

આવા હેરત પમાડે એવા પ્રસંગોની વણજાર વિ. સં. ૧૯૪૧ માં વૈશાખ શુદિ ૧૫ ને બુધવારે થંભી ગઈ. એ દિવસે ચરિત્રનાયકે પાલિતાણામાં પોતાનો નશ્વર દેહ ત્યજ્યો. એમના દેહવિલયથી જ્ઞાતિએ પોતાનો મુકુટમણિ ગુમાવ્યો, કચ્છે નરબંકો ખોયો અને સમગ્ર જૈન શાસને અર્વાચીન ક્ષિતિજમાંથી તેજસ્વી નક્ષત્રને આથમી જતો જોયો!!

— अस्तु —

## શ્રી આર્યરક્ષિત જૈન બાળ વાંચનમાળા
## ગુચ્છ પહેલું

ક્રમ પુસ્તિકાઓના નામ — દ્રવ્ય સહાયક

૧. શ્રી આર્યરક્ષિતસૂરિ—સ્વ. શ્રી મેઘજી માલસી દંડ સુથરીવાલાના સ્મરણાર્થે ગં. સ્વ. શ્રી વેલબાઇ મેઘજી માલશી દંડ, કોચીન.

૨. શ્રી જયસિંહસૂરિ—સ્વ. શ્રી કાનજી પીતાંબર નાગડા નલીઆ-વાલાના સ્મરણાર્થે. શ્રી નારાણજી કાનજી નાગડા. હુબલી.

૩. શ્રી ધર્મઘોષસૂરિ—શ્રી વાસુપૂજ્યજી જૈનપાઠશાળા. અલપઇ.

૪. શ્રી મહેન્દ્રસિંહસૂરિ—સ્વ. અંચલગચ્છ મુનિમંડલ નાયક આચાર્યદેવશ્રી દાનસાગરસૂરીશ્વરજી મ સા.ના સ્મરણાર્થે.

૫. શ્રી મહેન્દ્રપ્રભસૂરિ—શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક વિધિપક્ષ (અંચલ) ગચ્છ સંઘ, માંડલ.

૬. શ્રી જયશેખરસૂરિ—અંચલગચ્છીય સાધ્વીશ્રી હરખશ્રીજી મ ના ઉપદેશથી શ્રી શ્વેતાંબર મૂતિપૂજક જૈન સંઘ. મુલુન્ડ.

૭. શ્રી મેરુતુંગસૂરિ—સ્વ શ્રી જાદવજી લખમશી છેડા પત્રીવાલાના સ્મરણાર્થે. શ્રી વીરેન્દ્રકુમાર દામજી જાદવજી. હુબલી.

૮. શ્રી જયકીર્તિસૂરિ—સ્વ. શ્રી પુરબાઇ કુંવરજી જેઠાભાઇ દંડ. વરાડીઆવાલાના સ્મરણાર્થે શ્રી કુંવરજી જેઠાભાઈ જેવત દંડ

૯. શ્રી ધર્મમૂર્તિસૂરિ—સ્વ. શ્રી હીરજી હેમરાજ મોમાયા સાંયરા-વાલાના સ્મરણાર્થે ગં. સ્વ કુંવરબાઇ હીરજી હુબલી.

૧૦. શ્રી કલ્યાણસાગરસૂરિ—સ્વ શ્રી સામજી કરમશી મોતાના સ્મરણાર્થે શ્રી નારાણજી સામજી મોતા હુબલી.

૧૧. શ્રી વિદ્યાસાગરસૂરિ—શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસરજી તથા તેના સાધારણ ફંડોના ટ્રસ્ટીઓ. મુંબઈ-૯.

૧૨. શ્રી ઉદયસાગરસૂરિ—સ્વ શ્રી આણંદજી માલશી દંડ, સુથરી-વાલાના સ્મરણાર્થે શ્રી જવેરીલાલ આણંદજી દંડ કોચીન.

## શ્રી આર્યરક્ષિત જૈન બાળ વાંચનમાળા
## ગુચ્છ બીજું.

ક્રમ પુસ્તિકાઓના નામ દ્રવ્ય સહાયક

૧. **શ્રાવક યશોધન**—અ. સૌ. શ્રી માનબાઈ ઉમરશી કાનજી ભેદા, મુંબઇ હા. જવેરીલાલ તથા કમલેશ ઉમરશી ભેદા, મુંબઈ

૨. **મંત્રીશ્વર વિમલ**—સ્વ. માતુશ્રી પુરબાઈ ધરમશી રાજપાલ ડાઘા ફલતુંગીવાલાના સ્મરણાર્થે. શ્રી ડુંગરશી તથા ચાંપશી ધરમશી. સીરસી.

૩. **હરિયાશાહ**—સ્વ. શ્રી મૂલબાઈ માલશી ભૂલા દેવપુરવાલાના સ્મરણાર્થે. હા. શ્રી કુંવરજી માલશી હરીઆ. મુંબઇ, ૯.

૪. **મેઘાશાહ**—સ્વ. બાઇ હીરાવંતી મેઘજી કાનજી ભેદાના સ્મરણાર્થે. મુંબઈ.

૫. **કુંરપાલ–સોનપાલ**—સ્વ. શ્રી મુલજી દેવજી લોડાયા જલગામ-વાલાના સ્મરણાર્થે ગં. સ્વ. શ્રી ભચીબાઇ મુલજી, જલગામ

૬. **રાજશી શાહ**—સ્વ. શ્રી નરશી વેલજી મોમાયા વારાપધરવાલાના સ્મરણાર્થે શ્રી સામજી નરશી, હૈદ્રાબાદ.

૭. **વર્દ્ધમાન-પદ્મસિંહ શાહ**—શ્રી ખીમજી વેલજી છેડા, ગોધરા (કચ્છ)

૮. **સંઘવી લીલાધર પારેખ**—સ્વ. શ્રી ગોવિંદજી વેરસી મૈશરી જખૌવાલાના સ્મરણાર્થે. ગં. સ્વ. શ્રી· હીરબાઈ ગોવિંદજી, અમલનેર.

૯. શેઠ **નરશી નાથા**—સ્વ. શ્રી પાસુભાઈ શિવજી લોડાયા નલીઆ-વાલાના સ્મરણાર્થે. ગં. સ્વ. પુરબાઇ પાસુભાઇ, અમલનેર.

૧૦. શેઠ **કેશવજી નાયક**—શેઠશ્રી નાયકભાઇ જેઠાભાઇ નરશી કેશવજી નાયક, મુંબઇ.

૧૧. શેઠ **વેલજી માલુ**—સ્વ. શ્રી લ—શ્રી ખીમજી વેલજી છેડા, ગોધરા-
વાલાના સ્મરણાર્થે. ગં. સ્વ—સ્વ. શ્રી ગોવિંદજી વેરસી ા.

૧૨. શેઠ **ખેતશી ખીંયશી**—સ્વ. શ્ર ણાર્થે. ગં. સ્વ. શ્રી· હીરબાઈ ગ ા-
વાલાના સ્મરણાર્થે. ગં. સ્વ. ત.

ચી પા... શિવજી લોડાયા